સંક્ષિપ્ત સમાચાર

પાંડેસરામાં યુવકે વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર વાત કર્યા બાદ ફાંસો ખાઈ લીધો

સુરતઃ પાંડેસરામાં રહેતા યુવકે વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર વાત કર્યા બાદ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૂળ બિહાર પટનાના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલ શાંતા નગરમાં 22 વર્ષીય રોશન ચંદ્રદીપ બિંદ રહેતો હતો. રોશન જરી ખાતામાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારનું ગુજરાત ચલાવતો હતો. સોમવારે રાત્રે રોશન વતનમાં રહેતી પત્ની સાથે ફોન ઉપર વાત કરી રહ્યો હતો. તે દરમિયાન બંનેને વચ્ચે ઝગડો થયો હતો. ત્યારબાદ રોશને ફોન મૂકીને ઘરમાં લોખંડની એંગલ સાથે ચાદર બાંધી ફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવને પગલે પાંડેસરા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ચેક રિટર્નના કેસમાં હીરા વેપારીને એક વર્ષની સજા

સુરતઃ પાંચ લાખ રૂપિયાના ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપી હીરા વેપારીને કસૂરવાર ઠેરવીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી હતી કે નાના વરાછા વિસ્તારમાં આવેલી વંદના સોસાયટીમાં હીરાના વેપારી નિલેશ જેરામભાઈ કાતરોડિયા પરિવાર સાથે રહે છે. આરોપી તરંગ મહેશભાઇ પટેલ (રહે. સહજધામ સોસાયટી, અડાજણ,) એ વેપારી નિલેશ પાસેથી નવ લાખ રૂપિયાના હીરા ખરીદ્યા હતા. જેમાંથી આરોપીએ પાંચ લાખ રૂપિયા ચૂકવ્યા ન હતા. વેપારી નિલેશે રૂપિયાની માંગ કરતા આરોપી તરંગે ફરિયાદી નિલેશને ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદી નિલેશે એડવોકેટ દિલીપ એમ. કમાણી અને રોહિત ડી.ડાભી મારફત આરોપી તરંગ વિરૂદ્ધ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી તરંગ પટેલને કસૂરવાર ઠેરવીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

મોરા ટેકરા ખાતે રહેતો યુવક છાતીમાં દુખાવા બાદ અચાનક ઢળી પડતાં મોત

સુરતઃ મોરા ટેકરા ખાતે રહેતા યુવકને છાતીમાં દુખાવા બાદ અચાનક ઢળી પડતાં યુવકનું મોત નિપજ્યું હતું. મૂળ ઝારખંડના વતની અને હાલ મોરાટેકરા ખાતે આવેલ L&T કોલોનીમાં 38 વર્ષીય હરીચંદન રાજબંશી મિત્રો સાથે રહેતો હતો. હરીચંદન L&T કંપનીમાં કોન્ટ્રાક્ટ હેઠળ નોકરી કરીને વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે સવારે હરીચંદનને છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. જેથી તે ઈનો પીને આરામ કરી રહ્યો હતો. તે સમયે અચાનક તેની તબિયત લથડતાં તે નીચે ઢળી પડ્યો હતો. જેથી તેના મિત્રો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ચેક રિટર્નના કેસમાં કતારગામના રહેવાસીને 6 મહિનાની સજા

સુરતઃ ચેક રીટર્નના કેસમાં કોર્ટે કતારગામના રહેવાસીને તકસીરવાર ઠેરવીને 6 મહિનાની કેદ સજાનો હુકમ કર્યો હતો. કેસની વિગત એવી છે કે, આ કેસમાં ફરિયાદી ભાવેશ વિનુભાઈ વાઘાણી છે અને આરોપી વૈભવ મૈયાણી છે. બંને વચ્ચે ઘણા સમયથી મિત્રતા હતી. 2018માં ફરિયાદી ભાવેશે આરોપી વૈભવને 1 લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. તે રૂપિયાની ચૂકવણી માટે આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો હતો. તે ચેક રીટર્ન થતા ફરિયાદીએ એડવોકેટ નરેશ એચ. નાવડિયા મારફત આરોપી વૈભવ વિરુદ્ધ કોર્ટમાં ચેક રીટર્નનો કેસ કર્યો હતો. કેસ ચાલી ગયો હતો. કોર્ટે આરોપી વૈભવને કસૂરવાર ઠેરવીને 6 મહિનાની કેદ અને ચેકની રકમ ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

લાઈસન્સ વિના નકલી એલોપેથિક દવાનું એમેઝોન પર વેચાણ કરતી 3 કંપનીમાં ફૂડ વિભાગના દરોડા

કોસ્મેટિકની આડમાં એલોપેથીક દવાના લેબલો લગાડી ઓનલાઇન એમોઝોન પર બનાવટી દવા વેચનાર કંપનીઓમાંથી 30 લાખની કિંમતનો બનાવટી એલોપેથીક દવા અને કોસ્મેટિકનો મુદ્દામાલ જપ્ત

કાહીરા બાયોટેક પેઢીના માલિક કમલેશ ભાલોડીને ત્યાંથી ક્રીમ ભરેલા પેકેટ તથા કોસ્મેટિકનો મોટો જથ્થો ઝડપાયો

સુરતઃ સુરતમાં લાયસન્સ વિના એલોપેથીક દવા બનાવતી ત્રણ કંપની પર ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડા પડ્યા છે. આ કંપની કોસ્મેટીકની આડમાં એલોપેથીક દવાના લેબલો લગાડી ઓનલાઇન એમોઝોન પર બનાવટી દવા વેચાણ કરતી હતી તેવી હકીકતનો પર્દાફાશ થયો છે. કુલ 30 લાખની કિંમતની બનાવટી એલોપેથીક દવા અને કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા શંકાસ્પદ એલોપેથીક દવાના 3 નમુના અને કોસ્મેટીકના 11 કુલ 14 નમુના લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. આયુષી એન્ટરપ્રાઇઝ, સુરત દ્વારા DEMELAN Cream 50 gm બનાવટી એલોપેથીક દવાનું લેબલ લગાડી ઓનલાઇન એમેઝોન જેવા પ્લેટફોર્મ પર વેચાણ કરતા હોવાની આ ગેરરીતિ ઝડપી પાડવામાં આવી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યના કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં દવાના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કડક કાર્યવાહી કરવામાં આવે છે અને ગેરકાયદેસર - બનાવટી દવાના વેચાણમારૂં સંકળાયેલા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા તંત્ર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે તાજેતરમાં ડો. એચ. જી. કોશીયાને મળેલી માહિતી અને ફરીયાદને આધારે સર્ચ કાર્યવાહી થતાં DEMELAN Cream 50 gm દવા સુરતની કોઇ પેઢી દ્વારા એમેઝોન પર વેચાઇ રહી છે જે અન્વયે તેમના માર્ગદર્શન હેઠળ મુખ્ય કચેરી, ગાંધીનગરના વાય. જી. દરજી. નાયબ કમિશ્નર (આઇ.બી.), બી. એન. વ્યાસ, મદદનીશ કમિશ્નર (આઇ.બી.), ડો. પી. બી. પટેલ, ઔષધ નિરીક્ષક, પ્રકાશ પૃસનાની, મદદનીશ કમિશ્નર અને સુરત કચેરીના અન્ય અધિકારીઓની સાથે રહી ગેરકાયદેસર વગર પરવાને દવાઓ કોસ્મેટીકનું વેચાણ કરતી પેઢીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આયુષી એન્ટરપ્રાઈઝ અને આર. જે. એન્ટરપ્રાઇઝ સામે ફૂડ અને ડ્રગ વિભાગે આ કાર્યવાહી કરી...

(૧) આયુષી એન્ટરપ્રાઇઝ(૨૦૯, શ્રી પુજન પ્લાઝા, એસ.એમ.સી. લિંબાયત ઓફિસ પાસે, સુરત) દ્વારા DEMELAN Cream 50 gm પ્રોડક્ટ પર બજારમાં ઉપલબ્ધ એલોપેથીક ઓઇન્ટમેન્ટની કોપી કરી MNB/09/732 બનાવટી લાયસન્સ નંબર છાપી લેબલ બનાવી જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડા કરી એમેઝોન પર ઓર્ડર પ્રમાણે રૂ. ૯૯૯ વસુલ કરી આ ઓઇન્ટમેન્ટ / ક્રિમ કેટેગરીની દવાનું વેચાણ સાવંત રાહુલ (રહે. ૮૫, ઉમીયા નગર-૧, ડિંડોલી, સુરત) નામના વ્યક્તિને પકડી અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

(૨) આર. જે. એન્ટરપ્રાઇઝ(૨૧૨, ધી પ્લેટીનીયમ પ્લાઝા, વીટી સર્કલ પાસે, જકાતનાકા, સુરત) ના માલિક રુત્વીક જીવમભાઇ કથીરીયા દ્વારા લેબલ વિના આયુષી એન્ટરપ્રાઇ દ્વારા જે મુજબ દવાનું પેકિંગ અને બીલ બનાવી સપ્લાય કરતા તંત્રના અધિકારીઓએ પકડી પાડ્યું છે. વધુમાં આર. જે. એન્ટરપ્રાઇઝ ખુબ જ મોટા પ્રમાણમાં લેબલ વિનાના કોસ્મેટીકનું ઉત્પાદન કરાવી તેઓના નિયમિત કસ્ટમરોને કોઇપણ જાતના ઉત્પાદનના લાયસન્સ વિના તેઓના ગોડાઉનમાં જ પેકીંગ કરી ટેસ્ટીંગ કર્યા વિના વેચાણ કરતા હોવાનું તપાસ દરમ્યાન ખૂલ્યું છે અને તેઓ તેઓની બહેન નીશા કથીરીયા કે જેઓ લેબલ બનાવવાના જાણકાર હોઇ તેઓની પાસેથી અલગ-અલગ બ્રાન્ડનું તથા બીજાના ઉત્પાદનનું ડુપ્લિકેટ લેબલ બનાવડાવતા હતા અને કોસ્મેટિકનું વેચાણ કરતા હોવાનું પકડી પાડ્યું છે. તેઓ લેબલ વિનાની દવા અને કોસ્મેટિક સુરતના ઉત્પાદક કાહીરા બાયોટેક સુરત પાસે મેળવ્યું હતું.

આ ત્રણ કંપનીઓ સામે કાર્યવાહી કરાઇ

- આયુષી એન્ટરપ્રાઇઝ
- આર. જે. એન્ટરપ્રાઇઝ
- કાહીરા બાયોટેક

30 હજાર રૂપિયાની લેતીદેતીમાં થયેલી હત્યાના આરોપીની જામીન અરજી મંજૂર

સુરતઃ 30 હજાર રૂપિયાની લેતીદેતીમાં થયેલી હત્યાના ગુનામાં ઝડપાયેલા આરોપીની જામીન અરજી કોર્ટે મંજૂર કરી હતી. કેસની વિગત એવી છે કે તા. 1લી ઓક્ટોબર 2023ના રોજ 30 હજાર રૂપિયાની લેવડ-દેવડમાં અઠવા લાઈન્સ ખાતે હુસેન રઝા ગુલામ રસુલ મણીયારની હત્યા થઈ હતી. આ ગુનામાં પોલીસે આરોપી અશરફ ઉર્ફે ખાલીદ હનીફ પિંજારીની ધરપકડ કરી હતી. આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતો. આરોપી અશરફે જામીન પર મુક્ત થવા માટે એડવોકેટ પી.ટી.રાણા અને જીત એચ.પટેલ દ્વારા કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે એડવોકેટ પી.ટી.રાણા અને જીત એચ.પટેલની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી અશરફને જામીન અરજી મંજૂર કરી હતી.

વરાછા ઝોનમાં ચાર વખત રિપેર કરેલો રસ્તો તૂટી ગયો

વનમાળી જંક્શનથી શાયોના પ્લાઝાનો રસ્તો તૂટી જતાં વિપક્ષે સવાલોનો મારો ચલાવ્યો

સુરત : છેલ્લા ત્રણ-ચાર દિવસથી વરસી રહેલા દેમાર વરસાદના પગલે શહેરના અનેક રસ્તાઓ તૂટી ગયા છે. અનેક જગ્યાએ ભુવા પડયા છે. જેમાં રસ્તાના કામોમાં ચાલતી પોલમ-પોલ ખુલી જવા પામી છે. ત્યારે ત્રણ દિવસના વરસાદ દરમિયાન સરથાણા ઝોનમાં એક જ વર્ષમાં ચાર-ચાર વખત રીપેર થયેલો રસ્તો તૂટી જતા વિપક્ષના નગરસેવકે વિડિયો વાયરલ કરી શાસકો પર પ્રહારો કર્યા હતા.

મળતી માહિતી મુજબ આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલભાઈ સુહાગીયાએ આજે વનમાળી જંક્શનથી શાયોના પ્લાઝા વિસ્તારની મુલાકાત લીધી હતી ત્યારે ધ્યાનમાં આવ્યું કે આ રોડ ગત વર્ષે ચોમાસામાં ત્રણ વખત રીપેર કરવામાં આવ્યો હતો. અને આ વર્ષે પહેલા જ વરસાદમાં આ રોડના છોતરા નીકળી ગયા છે. વિપુલભાઈ સુહાગીયાએ આ અંગે જણાવ્યું હતું કે, પાલિકા અને તેના મળતિયા કેટલી હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરતા હશે કે હજી તો ચોમાસુ શરૂ થયું છે અને આ હાલત થઇ ગઈ છે. આખું ચોમાસું કઈ રીતે લોકો ગાડી ચલાવશે ? જ્યાં જુઓ ત્યાં પાણી ભરાયા, રોડ રસ્તા બેસી ગયા, ભુવા પડી ગયા... આવી તો હાલત કરી નાંખી છે ભ્રષ્ટાચારીઓએ. તંત્ર અને શાસકોને પાપે શું એક જ રોડ વરસમાં ચાર વખત રસ્તા રીપેર કરવાં પડે? સુરત મહાનગરપાલિકા ચલાવતા ભ્રષ્ટાચારી ભાજપ શાસકોની પ્રિમોન્સુન કામગીરીની પહેલા જ વરસાદે પોલ ખોલી નાંખી છે તેવો સીધો પ્રહાર શાસકો અને તંત્ર પર વિપુલભાઈ સુહાગીયાએ કર્યો હતો.

ડિંડોલીમાં મળસકે લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસેલા અજાણ્યાનો દંપતી પર જીવલેણ હુમલો

ડ્રીમ વિલા સોસાયટીમાં અજાણ્યો રણજીત મોદીના ઘરમાં લૂંટના ઈરાદે ઘૂસ્યો હતો, પરંતુ દંપતી જાગી જતાં તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી ભાગી છૂટ્યો

સુરતઃ શહેરના ડિંડોલી વિસ્તારમાં મંગળવારે મળસ્કે ચોંકાવનારી ઘટના બની છે. ચોરીના ઈરાદે ઘરમાં ઘૂસી આવેલા એક ચોરએ દંપતિ જાગી જતાં તેમની પર જીવલેણ હુમલો કરી નાસી છૂટ્યો હતો.

ડિંડોલી ખાતે આવેલી ડ્રીમ વિલા સોસાયટીમાં રહેતા રણજીતભાઈ વિજયભાઈ મોદી (ઉ.વ.૪૪) અને તેમના પત્ની ગુડ્ડી રણજીતભાઈ મોદી (ઉ.વ.૪૩) રાત્રે પોતાના બે બાળકો સાથે ઘરમાં સૂતા હતા. ત્યારે મળસ્કે 4.30 કલાકે કોઈ અજાણ્યો અંદર ઘુસી ગયો હતો. તે સમયે ત્યાં રહેતું દંપતી જાગી જતા અજાણ્યાએ ચપ્પુ વડે તેમના ઉપર હુમલો કર્યો હતો અને ફરાર થઈ ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્ત દંપતીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયું હતું. બનાવની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ ડીંડોલી પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને અજાણ્યો લૂંટના ઈરાદે કે અન્ય કોઈ ઈરાદે આવ્યો હતો તે અંગે તપાસ કરી રહી છે. વધુમાં પરિવારજનોએ જણાવ્યું હતું કે રણજીતભાઈ ડાઈંગ માસ્ટર છે. ઘટના બની ત્યારે તેમની ૧૬ વર્ષની દિકરી અને ૧૨ વર્ષનો દિકરો બીજા રૂમમાં સુતેલા હતા.

CCTVના આધારે એક અજાણ્યાની શોધખોળ હાથ ધરાઈ છે

ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, યુવાન તીક્ષ્ણ હથિયાર વડે બન્ને ઉપર હુમલો કરી નાસી છૂટ્યો હતો. હુમલો કરનાર કોણ છે અને કયા કારણસર હુમલો કરવામાં આવ્યો છે, તે જાણવા સીસીટીવી તેમજ હ્યુમન રિસોર્સના આધારે તપાસ ચાલી રહી છે.

સંક્ષિપ્ત સમાચાર

BOB રિટાયર્ડ ઓફિસર્સ એસો. સુરત-તાપીના સભ્યોનું સ્નેહમિલન યોજાયું

સુરતઃ બેંક ઓફ બરોડા રિટાયર્ડ ઓફિસર્સ એસોસિયેશનના સુરત- તાપી જિલ્લાના નિવૃત અધિકારીઓનું ત્રિમાસિક સ્નેહમિલન ,તા.૩૦.૦૬.૨૦૨૪ ના રોજ, સત્સંગ ભવન ,બદ્રીનારાયણ મંદિર,સુરત ખાતે યોજાયું હતું.

જેમાં ત્રણ મહિના દરમ્યાન અવસાન પામેલા આઠ મેમ્બરોને શ્રદ્ધાંજલી, નવા જોડાયેલા 3 સભ્યનું સ્વાગત કરવાની સાથે ચાલુ વર્ષમાં 75 વર્ષ પુરા કરવા જઈ રહેલા 3 સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં માધવબાગના CSR હેડ અને વિશ્વ ફાઉન્ડેશનના CEO મિલિન્દ સરદારે Secret of Healthy & Happy life, Stress Management, win diabetes & Heart attack for ever વિષય પર પ્રેરક, જીવન સુધારક વક્તવ્ય આપ્યું હતું. વડોદરા ઓફિસના પદાધિકારીઓ રાજેશ દાણી,સુરીન્દરસિંઘ લાથરે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ઝોનલ પ્રેસિડેન્ટ ભગવતીભાઈ પટેલે પેન્શન અપડેશન, તા.૨૬ માર્ચ, ૨૦૧૦ પહેલાં રાજીનામું આપનાર કર્મચારીઓ માટે પેન્શનનો સેકન્ડ ઓપ્શન, એસોસિયેશન દ્વારા નિવૃત્ત અધિકારીઓ માટે ની કામગીરીની ટુંકમાં જાણકારી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા વિભૂતિબેન શાહ, રમેશભાઈ મકવાણા, ભરતભાઇ પટેલ સહિત ડો.સંજય સાલી વિગેરે હાજર રહ્યા હતા. જ્યારે કાર્યક્રમને સફળ કરવાની જહેમત નટવરભાઇ ભૂતવાલાએ કર્યુ હતું.

નગર પ્રા. શાળા ક્ર. 163માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

સુરતઃ તા. 26.6.24ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા ક્રમાંક 163માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડ નં. 9ના કોર્પોરેટર ગૌરીબેન સાપરીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સ્કુલબેગ, યુનિફોર્મ, શૈક્ષણિક કીટ, બૂમ મોજા અર્પણ કરી બાળકોનું સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું હતું. અંદાજીત રૂપિયા 15000ની નોટબુક વિતરણ કરનાર દાતાઓનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. મહેમાનોના હસ્તે ગત વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવેલ બાળકોનું વર્ષ દરમિયાન 100 ટકા હાજરી આપનાર બાળકોનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ઉ.શિ. સ્મિતાબેન પટેલ અને ધો. 5ની વિદ્યાર્થીની ભોહા જયોત્સના તથા ઇદરીશી સુહાના દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ શાળાના આચાર્યા ગીતાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

ફેમિલી ફિઝિશિયન એસો.નો સુરમયી સફર કાર્યક્રમ યોજાયો

સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસો. સુરતના પ્રોજેક્ટ "બુર્ગુગો કા હમસફર "અંતર્ગત સંગીતની સુરાવલી રેલાવતો કાર્યક્રમ" સુરમયી સફર"નું આયોજન તાજેતરમાં સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ ના ઓડિટોરિયમ ,પીપલોદ ખાતે થયું હતું. જાણીતા મનોચિકિત્સક ડો. નીરવ મહેતાએ જીવનમાં સહાનુભૂતિ, પ્રેમ, અને કાળજી દ્વારા વરિષ્ઠ નાગરિકોએ જીવનમાં હતાશા તેમજ નિરાશાથી દૂર રહેવાની શીખ આપી હતી. વરસાદી માહોલને અનુરૂપ વિતેલા જમાનાના લોકપ્રિય ગીતો ડો.સંજય શાહ , ડો. જયેશ તમાકુવાલા , ડો. દીપક અને પિંકી મોદી , ડો. દીપક અને ઇલા તોરાવાલા તેમજ ડો.જયેન્દ્ર અને પારુલ કાપડિયાએ રજુ કરી "સુરમયી સફર " કાર્યક્રમને સંગીતમય બનાવી દીધો હતો. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અનુરાધા જરીવાલા, ઉપપ્રમુખ પ્રવીણ ગાંધી, પ્રકાશ મહેતા વિગેરેએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે શ્રી સુરતી મોઢવણિક અઠવા પંચના પ્રમુખ નીતિન ગાંધીએ જીવનમાં સંગીતનું મહત્વ સમજાવ્યું હતું. એસો. ના પ્રમુખ ડો. કે. એન. શેલડીયા અને માનદ્ સેક્રેટરી ડો. પી પી મિસ્ત્રીએ હાજર રહી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. ડો. દિપક તોરાવાલા અને ડો. જયેન્દ્ર કાપડીયાએ સંચાલન તેમજ એનાઉન્સરની કામગીરી બજાવી હતી. સંસ્થાના મંત્રી રમેશ લાઈન્સ વાળાએ આભાર વિધિ કરી હતી.

સલાબતપુરા અર્બન કો-ઓ.ક્રેડિટ સોસા.ના પાંચ વર્ષ માટેના હોદ્દેદારો નિમાયા

પ્રમુખ હરીવદન વાણાવાલા — ઉપપ્રમુખ પિયુષ જરીવાલા — માનદમંત્રી સતીશ વાઘેલા

સુરતઃ શ્રી સલાબતપુરા અર્બન કો-ઓ. ક્રેડીટ સો.લી.ના સને ૨૦૨૪/૨૦૨૫થી ૨૦૨૮/૨૦૨૯ (૫ વર્ષ) માટે પ્રમુખ તરીકે હરીવદન ચીમનલાલ વાણાવાલા (માજી મ્યુ. કોર્પો.), ઉપપ્રમુખ તરીકે પિયુષ બળવંતરાય જરીવાલા (મ્યુ.કોર્પોરેટર), મંત્રી તરીકે સતીશ શશીકાંત વાઘેલા (મસ્કતવાલા) અને કમિટી સભ્ય તરીકે કિરીટકુમાર છગનલાલ મેઘાવાલા, પ્રકાશચંદ ધનસુખલાલ જરીવાલા, હિતેશકુમાર શશીકાંત જરીવાલા, મુકેશ હરીલાલ મહાત્મા, કુસુમબેન ચંદ્રવદન વખારીયા, રાજેન્દ્ર ચંપકલાલ પટેલ, વિજયકુમાર અરવિંદલાલ કાચીવાલા, ભગવતીબેન કિશોરકુમાર આરીવાલાની વરણી કરવામાં આવી હતી.

હજી તો નવી દુકાન ચાલુ જ કરી હતી ને જ્વેલર્સને ત્યાંથી 10.78 લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી

મોડી રાત્રે દુકાનનું શટર તોડી તસ્કરો 84 ગ્રામના સોનાના અને 10 કિલો ગ્રામ ચાંદીના દાગીના ચોરી ગયા

સુરતઃ સચીન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી શિવમ જવેલર્સની દુકાનમાંથી રાત્રે તસ્કરો 10.78 લાખના સોના ચાંદીના દાગીનાનો હાથ ફેરો કરી ગયા હતા. શિવમ જવેલર્સના સંચાલકે સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ત્રણ ચોર વિરૂદ્ધ ફરિયાદ કરી હતી.

સચીન જીઆઈડીસી પોલીસ પાસે મળતી માહિતી પ્રમાણે જીતેન્દ્ર છનુલાલ ઉર્ફે છેદીલાલ શેઠ.(ઉ.38 રહે. કૈલાસ રેસિડેન્સી ડીંડોલી, મૂળ રહે., ઉત્તર પ્રદેશ) સચીન જીઆઈડીસીમાં શિવનગર ગેટ સામે શિવમ જવેલર્સ નામની દુકાન ધરાવે છે. ગત રવિવારની મોડી રાત્રે ચોર તેમની દુકાનનું શટલ તોડી અંદર પ્રવેશ્યા હતા. દુકાનમાંથી રીંગ , બ્રેસ્લેટ, કાનની બુટ્ટી, લોકેટ, 5 લાખનું સોનું અને પાયલ, હાથના કડાં જેવી 5.78 લાખની ચાંદી ચોરીનાસી ગયા હતા. બીજા દિવસે જીતેન્દ્ર શેઠ રાબેતા મુજબ દુકાને આવ્યા હતા. જ્યાં દુકાનનું શટલ તોડી ચોરી થઈ હોવાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. સચીનજીઆઈડી પોલીસનો કાફલો સ્થળ પર આવી ગયો હતો. સચીન જીઆઈડીસી પોલીસે જીતેન્દ્ર શેઠની ફરિયાદ લઇ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એવી શંકા સેવાઈ રહી છે કે આ ચોરીમાં કોઈ જાણભેદુનો જ હાથ હોઈ શકે કેમકે સોના-ચાંદીની દુકાન શરૂ કરી અને થોડા સમયમાં આ રીતે આટલી મોટી ચોરી ?

ઉધનાદરવાજા બ્રિજ ઉપર ટ્રાફિક જામની ફરી મોંકાણ

ઉધના દરવાજા સ્થિત ફ્લાયઓવર પર આજરોજ મંગળવારે કુલ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ફોર વ્હીલરના ચાલકો ખૂબ ખરાબ રીતે બ્રિજ પર જામમાં સપડાયા હતા. તસવીરઃ સતીષ જાદવ

માન દરવાજા ટેનામેન્ટના નળ-ડ્રેનેજ જોડાણ કાપવા પાલિકા પહોંચતા હંગામો

રહીશો કહે છે કે આર્થિક સ્થિતિ એટલી નબળી છે કે ભાડાનું મકાન પોષાય તેમ નથી, મનપા આવાસ આપે અથવા ભાડું આપે

ભાજપના કોર્પોરેટર, કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર એકસરખી માંગ સાથે મોરચો લાવ્યા

માનદરવાજા ટેનામેન્ટના જર્જરીત આવાસો કોઇનો જીવ લે તે પહેલા ખાલી કરાવવા માટે ઝોનનું તંત્ર પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ તેના પ્રયાસોમાં રાજકીય નેતાઓ સાથ આપવાને બદલે ટેનામેન્ટ રહીશોના પડખે ઉભા છે. આજે ભાજપના કોર્પોરેટર રાજેશ રાણા સવારે 11 વાગ્યે મોરચો લઇને ગયા હતા અને આવાસના રહીશોને થોડો સમય આપવા તેમજ અહીંથી અન્ય જગ્યાએ રહેવા જાય ત્યારે ભાડુ અથવા વૈકલ્પિક આવાસ રહેવા માટે આપવાની વ્યવસ્થા થાય તેવી ઉચ્ચસ્તરે પ્રયાસ ચાલી રહ્યાં હોવાનું જણાવ્યું હતું. જયારે બીજી બાજુ કોંગ્રેસના પૂર્વ નગર સેવક અસમલ સાયકલવાળા પણ આજ માંગણીઓ સાથેનો મોરચો ઝોન ઓફિસે લાવ્યા હતા. અને ઝોન ઓફિસે ઘેરાવ કરી સૂત્રોચ્ચાર કર્યા હતા.

સુરત : જર્જરીત થઇ ગયેલા માનદરવાજા ટેનામેન્ટના રહીશોને ટેનામેન્ટ ખાલી કરવાની નોટિસ આપવામાં આવી હતી. આમ છતાં અહીંના રહીશો અન્ય જગ્યાએ જવા તૈયાર નહીં થતા આખરે નોટિસ પીરિયડ પૂરો થતાં આજે મનપાના લિંબાયત ઝોનની ટીમ નળ અને ડ્રેનેજ જોડાણ કાપવા પહોંચી હતી ત્યારે સ્થાનિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો, સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, અમારી આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હોવાના કારણે ભાડાનું મકાન પરિવારોને પોષાય તેમ નથી તેથી મનપા આવાસ આપે અથવા તો ભાડા આપે તેવી માંગણી કરી હતી. જોકે, આ નીતિ વિષયક નિર્ણય હોવાથી લિંબાયત ઝોનના અધિકારીઓ કોઇ જવાબ આપી શકયા ન હતા અને રહીશોએ હોબાળો કરતા આખરે મનપાની ટીમને વીલા મોઢે પરત ફરવું પડયું હતું. માનદરવાજા ટેનામેન્ટ જર્જરીત થઇ જતા તેનો રી-ડેવલોપમેન્ટ યોજનામાં સમાવેશ કરાયો છે. જોકે સાત સાત પ્રયત્નો છતાં પણ એક પણ એજન્સીએ ટેન્ડર ભર્યા નથી. એ ટાઇપ ટેનામેન્ટ તોડવાનું ચાલુ પણ કરી દેવાયું છે. જયારે બી ટાઇપ અને સી ટાઇપ ટેનામેન્ટમાં રહેતા 922 પરિવારોએ હજુ આવાસો ખાલી કર્યા નથી. આજે આવાસો ખાલી કરાવવા ગયેલા મનપાની ટીમે માઇક પર એનાઉસમેન્ટ કરી આવાસો ખાલી કરવા જણાવ્યું હતું પરંતુ રહીશો આ વરસાદની સિઝનમાં જાય તો ક્યાં જાય? તેમજ અમારી પાસે રહેવાની કોઈ વ્યવસ્થા નથી અને ભાડાના પૈસા પણ નથી.